॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# મા બાપ

: લેખક અને સંપાદક :
શાસ્ત્રી સૂર્યપ્રકાશ આચાર્ય
શ્રી સ્વામિનારાયણ મંદિર
શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ

-: પ્રકાશક :-
શ્રી સ્વામિનારાયણ મંદિર
શ્રી સ્વામિનારાયણ રોડ, ભુજ-કચ્છ-૩૭૦ ૦૦૧

કિંમત રૂ. ૨૫ ॥ૐ॥ સન.૨૦૧૩

॥ સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

# નિવેદન

વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી જનેતાને બિરદાવતાં કહે છે કે 'જનુની જીવો ગોપીચંદની'. ગોપીચંદને સદ્‌ગુરુની અને ભગવાનની ઓળખ જનેતાએ કરાવી છે. ધ્રુવજીને ભગવાન સુધી મોકલાવનાર કોઈ હોય તો એ જનેતા છે. આ સંસારમાં જનેતા એક એવું પાત્ર છે કે જે જેવું મનમાં ધારે તેવું પોતાના પુત્રમાં બળ, ઐશ્વર્ય, તેજ અને સામર્થ્ય ધરબી ધરબીને ભરી શકે છે. જનેતા અને પિતાની સમાન કોઈ બીજાં પાત્રો બની શકતાં નથી.

આવી અદ્‌ભુત શક્તિ મૂર્તિમાન જનેતા બનીને પોતાના આ પૃથ્વી પર બિરાજમાન હોય તો તેને જે કોઈ વ્યક્તિ ભાવથી સેવે છે તેને ભગવાન સ્વામિનારાયણ અને એમના બ્રહ્મનિષ્ઠ સંતો ખૂબ રૂડાં આશિર્વાદ આપે છે.

આ નાના સૂત્રાત્મક પુસ્તકમાં જનેતાની મહાનતા અને પિતાની શ્રેષ્ઠતા બતાવવા પ્રયાસ કર્યો છે કે જેથી વાંચનાર કોઈ સંતાન, માતા-પિતાની સેવા કરીને જીવનને કૃતકૃત્ય કરી શકે અને ભગવાનનો કૃપાત્ર બને.

વળી સ્વામિનારાયણ ભગવાને સર્વજીવહિતકારી દિવ્ય સંદેશ શિક્ષાપત્રીના માધ્યમથી આપ્યો છે કે, અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા-પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઇ મનુષ્ય તેમની જે સેવા તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી. ભગવાનની આજ્ઞા માનીને જે વ્યક્તિ પોતાના માતા પિતાની સેવા કરે છે, તે વ્યક્તિ આ લોકમાં અને પરલોકમાં ઈચ્છિત ફળ પ્રાપ્ત કરે છે.

અમારા ગુરુદેવ અ.નિ. સ.સ્વામી ઘનશ્યામપ્રિયદાસજીની કૃપાથી મેં આ ' ભૂલીએ નહીં મા-બાપને' કે 'મા બાપ 'પુસ્તકમાં કેટલાંક ચિંતકોનાં વાક્યો, સંતોનાં સૂત્રો અને સદ્‌ગુરુનાં સુવાક્યો લીધેલાં છે, અને અમારા શબ્દોમાં વ્યક્તિ કર્યાં છે તો તે સર્વેનો

અંતરથી ઋણી છું. વાચકો સમક્ષ મારું નિવેદન કે જનેતાનાં અને પિતાના વિષયમાં કહેવાયેલ સૂત્રાત્મક શબ્દોનો લાભ ઉઠાવે અને પરમાત્મા ભગવાન સ્વામિનારાયણની પ્રસન્નતા પ્રાપ્ત કરે.

- સ્વામી સૂર્યપ્રકાશ આચાર્ય
Email:- gksuryaswami@gmail.com

૧૫-૨-૨૦૧૩
વસંત પંચમી.

# ॥ ભૂલીએ નહીં મા-બાપને ॥

સ્વામિનારાયણ ભગવાન કહે છે કે જેણે પૂર્વજન્મને વિષે વૃદ્ધ માતા-પિતાની સેવા કરી નથી, તેને સંતની કે ભગવાનની પ્રાપ્તિ થતી જ નથી. જીવનમાં સાક્ષાત ભગવાન મળ્યા હોય તો પણ તેમાં વિષે હેત થતું નથી કારણ કે માતા પિતાની સેવા કરી નથી.

જેટલા ગુણો ભગવાનમાં  સાંભળ્યા છે એ સર્વે ગુણોની અનુભૂતિ કરવી હોય તો આ સંસારમાં કેવળ બે જ પાત્રોમાં થઈ શકે છે, એમાં એક તો છે જન્મ આપનારી જનેતા અને બીજું પાત્ર છે પિતા કે સદ્‌ગુરુ દેવ.

મમતા, આત્મીયતા, નિખાલસતા, વાત્સલ્યતા, દયા, કોમળતા, કરુણા, સૌમ્યતા, સરળતા સહિત ગુણોની અનુભૂતિ આ સંસારમાં કેવળ બે જ પાત્રોમાં થઈ શકે છે, એમાં એક તો છે જન્મ આપનારી જનેતા અને બીજું પાત્ર છે જીવનનો વિકાશ કરનાર કે જીવાત્માને પરમાત્માની ઓળક કરાવનાર સદ્‌ગુરુ દેવ.

સહનશીલતા, ઉદારતા, સહૃદયતા, નિર્દોષ પ્રેમ, પરમ સ્નેહ, ક્ષમા, વિશાળતા, સંસ્કાર સંપન્નતા,  પવિત્રતા, સમર્પણતા સહિત અનેક સદ્‌ગુણો એક જનેતામાં વિદ્યમાન છે અને બીજા છે સંસ્કારી પિતામાં કે સદ્‌ગુરુમાં. એટલે તો જેણે માતા પિતાની વાત રાખી તેની શાખ સ્વયં ભગવાન અને સદ્‌ગુરુએ રાખી !

જેણે માતા પિતાના સ્નેહઝરણમાં પોતાનું જીવન વહાવ્યું છે, સદ્‌ગુરુની આજ્ઞામાં જીવન સમર્પિત કર્યું છે તેના કાવ્યો, તેના ગીતો, તેના શબ્દો કે તેની ઉક્તિઓ જ સંસારમાં અમર રહી છે.

આ જગતમાં પિતાની ઓળખ મા કરાવે છે અને સદ્‌ગુરુની ઓળખ મા કરાવે છે અને પ્રભુના સાંનિધ્યનું સુખ એક જનેતા અને બીજા સદ્‌ગુરુ જ અપાવી શકે છે.

જન્મ આપનાર જનેતાના સાથ અને સહકાર વિના, ન સ્વર્ગ મળે કે ન સુખ મળે અને ન સદ્‌ગુરુ મળે કે ન ભગવાન મળે. માતા પિતાના સહકાર વિના કોઈને કાંઈ જ મળતું નથી.

જનેતા પોતાની ગરિમા ઢાંકી, બીજાની ગરિમા બતાવે છે. જનેતા પોતાની ઓળખ કરાવતી નથી પરંતુ સદ્‌ગુરુની અને પિતાની ઓળખ પ્રથમ કરાવે, આવી ઉદારચિત્ત જનેતાના સેવનથી જ પ્રભુ ઘરને દ્વાર પધારે છે.

જનેતાની ઉદારતા જોવી હોય તો તેની ફલશ્રુતિ જોવાની હોય અને તે ફલશ્રુતિ એ જ કે તેણે આપણને ભગવાનની પ્રકૃતિની ઝાંખી કરવાની તક આપી અને પોતે નિર્દય કે કઠોર ન બની.

જનેતા પોતાના ઉદરમાં પોષાતા સંતાન માટે પ્રેમાળ અને સ્નેહાળ બની, ભાવથી પોષણ કર્યું અને પછી પોતાની ગોદમાં રાખીને ઉછેર્યો. એ જનેતાના હૃદયમાં સંતાન માટે કેવી અદ્‌ભૂત વાત્સલ્યતા અને અનૂકંપા ઊભરાતી હશે !

હે માનવી ! વિશ્વનો નજારો બતાવવા જે જનેતાએ તને અવતાર આપ્યો, તને ભાવવિભોર થઈને સ્તનપાન કરાવ્યું અને તને તારા પગ ઉપર ઊભા રહેવાની શક્તિ અને હિંમત આપી, એ માત- પિતાની આખરી વેળાએ તું એનો સહારો બનજે !

અનેક સંતાનને પ્રેમ આપનારી જનેતાને જો વૃદ્ધાવસ્થાએ પુત્ર કે પુત્રી પ્રેમ ન આપી શકે તો એવા નિષ્ઠુર માનવીને, સ્વયં પરમાત્મા આનંદનો અંશ પણ માણવા દેતા નથી !

સંસારમાં જન્મ લઈને આલિશાન મહેલમાં રાચતો પુત્ર જો વૃદ્ધ માતા પિતાને કારાવાસમાં- વૃદ્ધાશ્રમમાં રાખે છે, ત્યારે ભગવાન સ્વામિનારાયણ એ ક્રુરતા જોઈને અવશ્ય કઠોર દંડ આપે છે. એવા પુત્રોને સંત ઓળખાતા નથી.

માતા પિતાની સેવા કર્યા વિના ભગવાનનો નિશ્ચય થતો નથી અને કદાચ નિશ્ચય થાય તો તે નિશ્ચયમાં ડગમગાટ મટતો નથી. જીવને ભગવાનનો અને સંતનો સાક્ષાત મેળાપ કરાવનાર ઉત્તમ ઉપાય માતા-પિતાની સેવા જ છે. જીવનમાં સર્વાર્થને આપનાર માતા પિતાની સેવા છે.

હે મિત્ર! યાદ રાખજે કે ભગવાનને ઘેર અંધેર નથી. સ્વામિનારાયણ ભગવાને પોતાના માતા પિતાની ભાવથી સેવા કરી છે અને એને કારણે મા ભક્તિ અને પિતા ધર્મ આજે પુત્રની સંગાથે સત્સંગમાં પ્રગટ વર્તાય છે.

જે માતા-પિતાએ તમને પાળી પોષી અને ભણાવ્યા, એ માતા-પિતાને જો તમે વૃદ્ધાશ્રમમાં તણાવ્યાં તો, કરેલા સો યજ્ઞો તમને સુખ આપી શકશે નહીં. તમે કરેલાં હજારો સત્કર્મો ઉત્તમ ફળ આપનાર થશે નહીં.

સત્શાસ્ત્ર કહે છે કે માતા પિતાની સેવા કર્યા વિના પોતાનું ભાગ્ય પણ સાથ આપી શકતું નથી. પોતે કરેલાં પુણ્યકર્મ વ્યર્થ પૂરવાર થાય છે અને કરેલી કથા-પારાયણો પોતાને ફળપ્રદ થતી નથી.

જેણે માતા-પિતાની આમન્યા ન રાખી, ઘરમાં રાખી સેવા ન કરી, પછી ઘરનાં નામ માતૃછાયા કે પિતૃછાયા રાખ્યે, કાંઈ અર્થ ન સરે ! એ તો માતા પિતાના નામનો ગેર લાભ લીધો કહેવાય!

જેણે પોતાની યુવાનીના મદમાં આવીને માતા પિતાનું અપમાન કરી કે લાકડીએ માર મારી, ઘર બહાર તગેડી નાખ્યાં. વૃદ્ધાશ્રમમાં ધકેલ્યાં એટલે તેની મારી નાખવા જેવી હાલત કરી અને પછી તેના સ્વર્ગવાસ થયા પછી ઘરમાં કેવળ નામ લખ્યે કાંઈ ન થાય પરંતુ માતા પિતા શાપ આપે.

હે માનવી ! જે જનેતાએ તારો નવ નવ મહિના ભાર વેંઢાર્યો, જન્મ આપીને પછી પણ તને જેમ ગમ્યું તેમ તેડી તેડીને ફેરવ્યો, એ જનેતાએ તારા માટે કેટલી કઠણાઈ સહન કરી છે, એનો કયારેક અંદાજ તો કરજે ! તો માતા પિતાનો ઉપકાર ભૂલાશે નહીં.

જનેતાએ તને જન્મ આપીને છેક ભણાવ્યા સુધી ધ્યાન રાખ્યું અને જે પિતાએ તારી આટઆટલી સંભાળ રાખી, તારી આંગળી પકડીને, હેત આપીને તને ભણાવ્યો, ગણાવ્યો, પછી તારી યુવાનીએ તું એ માતા-પિતાને વૃદ્ધાવસ્થા થયે થોડોક ટેકો આપજે. ભગવાન તને સુખીયો કરશે.

માતા પિતાને વૃદ્ધાવસ્થાએ તું ટેકો આપીશ તો તારા માતા-પિતાનાં આશિર્વાદ તારું ભાગ્ય બદલાવી દેશે ! તારા ભાગ્યમાં અન્ન અને દાંતને વેર હશે તો પણ માતા-પિતાની સેવાથી બધું બદલાઈ જશે અને પરમ સુખ છતે દેહે ભોગવી શકીશ.

જે જનેતાના ખોળામાં તેં ઘસઘસાટ ઉંઘ કરી, પથારી ભીની કરી ને જનેતાને ઉજાગરા કરાવ્યા, એ જનેતાને જે ઘડપણમાં દર્દના આંસુએ ભીંજવે છે, એવા અધમને  કુદરત ફરી માનવ શરીર આપવાની ભૂલ નહીં જ કરે !

જે જનેતાના હૈયે ભારોભાર મધુરતાનો અને ઉદારતાનો સાગર તારા માટે ઉમટતો રહ્યો, તે જનેતા માટે તેં તારા ઘરમાં તેને રહેવા માટે થોડી જગ્યા માટે ઉંહકારો કર્યો, નાકારો ભણ્યો ? ઘરમાં માતા-પિતા માટે જગ્યા ઓછી પડી ?

માતા-પિતાનાં પ્રાપ્ત સંસ્કારો માટે જે સુપાત્ર સંતાનો સદાય પોતાના જીવનને મઘમઘતું રાખે છે, એવા સુપાત્ર સંતાનોના કલ્યાણ માટે જનેતા રાત દિવસ આશીર્વાદનો ધોધ વહેવડાવે છે.

માતા પિતાની સેવા કરનાર સુપાત્ર સંતાનો સદ્‌ગુરુનાં પણ આદર્શ બને છે. એવા સંતાનોને સદ્‌ગુરુ શોધતાં શોધતાં આવે છે. બીજાને તો સદ્‌ગુરુ મળતા નથી અને જે મળે છે તે ઠગારા પુરવાર થાય છે.

હે મિત્ર! પોતાના જીવનને ગીરવે મૂકીને જે જનેતાએ તારું પોષણ કર્યું છે, તને હાસ્ય આપ્યું છે અને અંતરની વેદનાને રતિભાર જણાવા દીધી નથી, એ જનેતાને તું તારા ઘરમાંથી બહાર કાઢજે નહીં.

હે મિત્ર! માતા પિતાને ઘરમાંથી બહાર કાઢતાં પહેલાં થોડો વિચાર કરજે કે તું કોને ક્યાં મૂકવા જઈ રહ્યો છે ? જો એવું થશે તો પ્રભુ તારે માટે પણ એવું જ કરશે. તું ઈશ્વરને તારા માતા પિતામાં જોઈ શકીશ તો ઈશ્વર તને બધું આપશે.

પોતાના દેહને પ્રેમ કરનારો અને પોતાની પત્નીને પ્રેમ કરનારો, જો જનેતાના પ્રેમના સાગરને ઓળખે, તો વૃદ્ધાવસ્થાએ માતા પિતાને આશ્રમમાં કોઈ દિવસ ધકેલશે નહીં.

સમજણ વિના આ સંસારમાં અનેક દીકરાઓ સંપત્તિના ભાગ માટે લડે છે પરંતુ માતા પિતાએ આપેલ પ્રેમના પ્રતિ ઉપકાર કરવા ક્યારેય વિચાર કરતા નથી અને સમયે એમની એવી જ દશા થાય છે.

પોતે ટાઢ અને તડકો સહન કરીને પુત્રને વર્ષો સુધી રક્ષણ આપ્યું, પુત્રના સુખ માટે પોતાનું મંગળસૂત્ર વેચ્યું, એ માતા પિતાની રક્ષા કરવી, પુત્રની પહેલી ફરજ છે.

પ્રભુનાં દર્શન અને પ્રાર્થના કરવી, એ માનવીનું પ્રથમકર્તવ્ય છે પરંતુ માતા પિતાને ભૂખ્યાં અને તરસ્યાં રાખીને મંદિરે આવતા માનવી પર પ્રભુ કદી મહેરબાન થતા નથી અને તેની સામે પ્રભુ જોતો પણ નથી.

આ સંસારમાં પુત્ર માટે, માતા-પિતા એ તો સાક્ષાત સર્વાર્થ આપનારાં પરમ ઈષ્ટદેવી અને ઈષ્ટદેવ છે. એ માતા-પિતાને ઘરમાંથી બહાર મૂકવામાં આવે તો ઘરમાં અને જીવનમાં પડતીની શરુઆત થાય છે.

માતા પિતાનો ત્યાગ કરનારો પુરુષ પોતાના મંગળ માટે હજાર ઉપાય કરે સર્વત્ર અમંગળનાં સૂત્રો પોતામાં વિંટળાય છે. પછી ગ્રહોની પૂજા કરે કે સદ્‌ગુરુની પૂજા કરે કાંઈ લાભ થતો નથી.

જેને જનેતાનો સહારો નથી મળ્યો અથવા તો જન્મ આપીને જે જનેતાને પ્રભુના દ્વારે જવાનું થયું, ત્યારે અનાથ થયેલ સંતાનનાં આંખે આંસુઓ કદી સૂકાતાં નથી, જનેતા વિનાનાં એ અનાથ બાળકને દુનિયા કેવી બિહામણી લાગે છે એની ખરી ખબર એ સંતાનને હોય છે.

માતા પિતાની મહત્તા એક અનાથ બનેલા બાળકને હોય છે. આવા માતા-પિતાની પોતાને સહેજે પ્રાપ્તિ થઈ હોય તો તેની સેવા કરવી, એ સાક્ષાત સદ્‌ગુરુની અને પરમાત્મા સ્વામિનારાયણ ભગવાનની અંતરંગ સેવા છે.

પોતાના સંતાનને સદાય હસતો રાખવા, પોતાના દેહની સંભાળ નહીં રાખીને, જે મા અનેક યુક્તિ-પ્રયુક્તિઓ કરે છે અને બાળકનું બધું ધ્યાન રાખે છે, આવા માતા-પિતાને ઘડપણે રુદન કરાવનાર સુપાત્ર પુત્ર નહીં પણ કુપાત્ર પુત્ર છે.

જે માતાએ તને બચપણમાં મીઠી ગોદ આપીને તારો ઉચ્છેર કર્યો છે, ભલો થઈને, ભાઈ ! તે માતા-પિતાનો ઘડપણમાં તું ઉચ્છેદ કરતો નહીં !

જનેતાના કેમળ હાથે પીધેલાં પ્રેમના પ્યાલાનાં બદલામાં તું ઝેરના પ્યાલા મા બાપને પાતો નહીં ! આ ભૂલનો બદલો ભવોભવમાં નહીં ચૂકવી શકાય !

પર્વતરાજના આભ આંબતાં શીખરને આંબવા પ્રથમ તળેટી પાસે ઝૂકવું પડે, પછી શીખર પર બિરાજતા ઋષિમુનીઓ અને ભગવાન બદરીપતિ નરનારાયણનું સાંનિધ્ય સાંપડે છે. એમ,જનેતાની સેવા કર્યા પછી જ પ્રભુની પ્રાપ્તિ સંભવે છે.

માતા પિતાની અવગણના કરીને કદી કોઈ માનવી જીવનના પરમ શીખરને પામી શક્યો નથી અને મહાન તપસ્વી પણ થઈ શકતો નથી. પ્રથમ માતા-પિતાના શરણનો આશ્રય પરમ આવશ્યક છે.

વૃદ્ધાવસ્થાએ પણ જેના વર્તનમાં પાનખર જોવા ન મળે અને સદાય પ્રેમનો સાગર ઉભરાતો હોય, એ જનેતાની અવગણના કરનાર દરેક વ્યક્તિ ઘોર યાતના ભોગવે છે.

જનેતાનો ત્યાગ કરનાર વ્યક્તિ કોઈ સદ્‌ગુરુને કે મહાત્માને પામી શકે નહીં, કોઈ ઉચ્ચ લક્ષ્યને પામી શકે નહીં. તો પરમાત્માને ક્યાંથી પામી શકે? જનેતાનો ત્યાગ કરનાર કદી સુખ પામી શકે જ નહીં.

પૃથ્વીની પ્રદક્ષિણા કાર્તિક સ્વામીએ કરી તો થાકીને લોથ થયા અને માતા-પિતાની પ્રદક્ષિણા ગણપતિએ કરી તો જગતભરમાં મા પાર્વતિથી અને મહાદેવથી પ્રથમ પૂજાયા !

સંસારમાં માતા પિતાની સેવા કરનારા, અનેક ઘોર અપરાધથી ઉગર્યાના અસંખ્ય દાખલા છે અને તેનો ત્યાગ કરનારા ઘોર યાતનામાં ફસાયા અનેક દાખલા છે. માતા પિતાની સેવા પ્રભુની પૂજા છે.

ઘેર પુત્રનો જન્મ થાય એટલે માતા-પિતા હરખથી સગાસબંધીને મોંઘી મીઠાઈ વહેંચે અને દેવમંદિરે ભેટ-સોગાદો અર્પણ કરે અને એજ સંતાનો યુવાન થાય ત્યારે માતા-પિતાને ઢીંગલા ચૂકવીને આશ્રમમાં વહેંચે, ત્યારે એ માતા પિતાના હૈયે કેવી વેદના થતી હશે !

પરમાત્મા ભગવાન સ્વામિનારાયણ, પરમ યોગીરાજ સંત મહાત્મા અને માતા-પિતા, આ ત્રણે પોતાની સન્મુખ ઉપસ્થિત હોય,  ત્યારે જે પ્રથમ માતા-પિતાની સેવા કરવા કે તેમને વંદન કરવા આગળ આવે છે એ સિદ્ધ મહાત્મા બને છે.

પ્રથમ જે માતા પિતાને નમસ્કાર કરે છે, તેની સેવા કરે છે અને તેની અનુવૃત્તિમાં રહે છે તે પુત્ર, ભગવાન સ્વામિનારાયણનો કૃપાપાત્ર ભક્ત પૂરવાર થાય છે અને એજ પરમાનંદનો અધિકારી થાય છે.

જે જનેતાએ પુત્રના પોષણ કાજે અનેક પ્રકારની પીડા સહન કરી, દેહનું ધ્યાન ન રાખીને પુત્રનું ધ્યાન રાખ્યું અને ઊંઘ બગાડીને પુત્રને ઊંઘ આપી, એ પુત્રો મોટા થઈને જનેતાને કહે કે તારી હવે જરૂરત નથી, ત્યારે જનેતાની વેદના અસહ્ય હોય છે.

જે પુત્ર લગ્ન થયા પછી જનેતાને એમ કહે કે તારા કારણે અમારું ઘરમાં બધું બગડે છે ! તારા માટે આશ્રમમાં બધી સગવળ થઈ જશે, આવા પુત્રોના શબ્દો સાંભળતાં જનેતાના અંતરમાંથી સરી પડેલા નિસાસા પુત્રને બરબાદ કરી નાખે છે.

જે પુત્રને ગોદમા રમાડીને જનેતાએ સ્તનપાન કરાવ્યું હતું એ પુત્ર જ્યારે મોટો થઈને માતા પિતાને ઘરમાંથી બહાર કાઢે છે, ત્યારનું કરુણ અને હ્રદયદ્રાવક દશ્ય ભગવાન પણ જોઈ શકતા નથી !

જીવનમાં માતાના આંખે ઘણી વખત આંસુ આવ્યા હોય છે પરંતુ પોતાનો જ પુત્ર પોતાને ઘરમાંથી હડસેલો દેતો હોય ત્યારની વેદના જનેતા માટે અસહ્ય હોય છે. આ જનેતાની વેદના ઈશ્વર પણ ક્ષમા કરતો નથી.

પુત્ર પરનું વાત્સલ્ય જે માતા-પિતાના આંખમાં વિદ્યમાન છે, પુત્રની સંગાથે માતાનાં હૈયામાં જે ઉદારતા વિદ્યમાન છે અને પુત્ર માટે માતાના વિચારોમાં કે વર્તનમાં જે સરળતા છે, એ ભગવાનની આ સૃષ્ટિમાં ક્યાંય, કદીય મળનારી નથી !

સહૃદયતા અને કોમળતાની સાક્ષાત પ્રતિકૃતિ સમાન માતા-પિતાનાં દર્શન ન કરે તો કાંઈ નહીં, તેને દેવોનાં દર્શન ન કરાવે તો કાંઈ નહીં પરંતુ જો તેમનું આખરી જીવન સુખે વિતવા દે, તોય તે પુત્ર ધન્ય ભાગ્યશાળી થઈ જાય છે.

જન્મ આપનારી માતા ઘરમાં ન પોષાય અને દેવ મંદિરો નિર્માણ કરવામાં લાખોનાં દાન કરાય, મંદિરોમાં અન્નકુટનાં ઢગલા કરાય, ભગવાનને સુવર્ણની સુખશય્યા આપાય તો તેનાથી ન ભગવાન રાજી થાય કે ન સંત મહાત્મા.

કરુણાની પ્રગટ મૂર્તિ એ જનેતાને ઘરમાં ન રાખે અને ભગવાનને માટે ઉત્તમ સિંહાસન બનાવે તો તેનાથી સ્વામિનારાયણ ભગવાન રાજી થાય નહીં અને તેથી ઘરનાં કે પોતાનાં પાપ ઘટે નહીં કે કોઈ પૂણ્ય વૃદ્ધિ પામે નહીં.

નિખાલસ પ્રેમ આપનાર માતા-પિતાને ઘરમાંથી બહાર જવાનું કહેનારો પુત્ર માતા-પિતાને બહાર નથી કાઢતો પણ પોતાના આત્માને ઘોર નરકમાં નાખે છે.

વાત્સલ્યનો ધોધ વહેવળાવતી જનેતાને પાકટ ઉમરે ઘર બહાર કાઢનાર પુત્ર સુખ ભોગવી શકતો નથી પરંતુ ત્યારે જનેતાનાં આંખે આવેલાં આંસુએ ભિંજેલા એક એક રજકણ, હજારો વર્ષની યાતના ભોગવાવે છે.

માતા-પિતા, એ જીવનમાં મળેલી ફૂલની શય્યા છે. જે માનવી સંસારી સુખ-વૈભવ ભોગવવાનાં લોભમાં તેનો ત્યાગ કરે છે, તે મૂર્ખ પૂરવાર થાય છે અને તે પોતાના પગ પર કુઠારઘાત કરે છે.

હે મિત્રો! જે બાળકને જનેતાનું ધાવણ નથી મળ્યું અને પિતાનો આશ્રય નથી મળ્યો, એ બાળકના આંખમાં રહેલાં આંસુ કોઈ પોંછી શકતું નથી. માતા-પિતાનું જીવનમાં કેટલું પ્રદાન હોય તેની અનાથ બાળક પાસે જઈને તપાસ કરજો !

સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે 'હે ભક્તો ! માતા-પિતાની જીવનપર્યંત સેવા કરજો, સંત-મહાત્માઓની કે ગુરુજનોની સેવા કરજો અને બીમાર કે રોગી મનુષ્યની જીવનપર્યંત સેવા કરજો.' આમાં ભગવાને પ્રથમ માતા-પિતાની સેવા કરવાની પ્રથમ ભલામણ કરી છે.

જે પુત્ર કે પુત્રવધુ ખરાભાવથી વૃદ્ધ માતા-પિતાના આસુંડાં પોંછે છે, તે પોતાના અંતરમાં અને જીવનમાં સુખનો સાગર સંપાદન કરે છે. પોતાના ભાગ્યમાં સુખનો ક્ષય લખાયેલ હોય પરંતુ વૃદ્ધ માતા પિતાની સેવા કરનારનાં ભાગ્યમાં અક્ષય સુખ લખાઈ જાય છે.

માતા-પિતાની સેવા કરનાર પુત્ર જગતમાં દેવ થઈને પૂજાય છે, દેવને પામે છે અને પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. માતા-પિતાની સેવા કર્યા વિના વ્યક્તિ ભલે ગુણવાન હોય તો પણ તે અધોગતિ પામે છે.

પોતાના દેહના સુખને જોયા વિના જે જનેતાએ કરુણાવશ જીવનના છેલ્લા શ્વાસ સુધી સંતાનની સંભાળ રાખી અને પુત્રના સુખને જોયું, આવા માતા પિતાના ઉદારવૃત્તિને ભૂલી જાય છે તે એવા સંતોનો ઉપર પાપના પર્વતો પડે છે.

ભગવાન પોતાના ધામમાં જેવું સર્વે મુક્તોને સુખ આપે છે એવું સુખ આ લોકમાં દયા કરીને જનેતાએ દીધું અને એ જનેતાએ ભગવાનનું સ્થાન નિભાવ્યું, એવી જનેતાનો તેની વૃદ્ધાવસ્થામાં, જે પુત્રો પોતાના ઘરમાં નિભાવ કરતા નથી, તેવા જીવને ભગવાન ફરી મનુષ્ય શરીર આપતા નથી.

પરમસ્નેહમયી જનેતાને પાકટ વયે કડવાં વેણ કહેનાર, તેની સંગાથે ઉદ્ધત વ્યવહાર માનવી સંસારના કોઈ સુખ ભોગવી શકતો નથી અને બીજો વિશેષ કોઈ લાભ થતો નથી. સેવા વિના જે કાંઈ મળે છે, તેમાં આનંદ મળતો નથી.

માતા-પિતાની સેવામાં રહેલો પુત્ર, દેવસ્થાનમાં ભગવાનનાં દર્શન કરવા ન જાય કે પ્રાર્થના અને પ્રદક્ષિણા કરવા ન જાય તો સંતો એમ કહે છે કે ભગવાન સ્વયં સેવા કરનાર પુત્ર પાસે આવે છે અને પુત્રની સર્વ કામના પરિપૂર્ણ કરે છે.

જે પુત્ર માતા-પિતાને ભૂખ્યાં, તરસ્યા રાખીને કે રડાવીને કપૂત થાય છે અને મંદિરમાં જઈને પૂજા, પ્રાર્થના, પ્રદક્ષિણાદિ અનંતવિધ સેવા કરે છે, છતાં ભગવાન તેવા કહેવાતા સેવક પર પ્રસન્ન થતા નથી અને તેવી વ્યક્તિને કદી સુખી થવા દેતા નથી.

માતાની મમતા અને સમર્પણને ઓળખનાર પુત્ર પોતાના સર્વે પાપનો નાશ કરી શકે છે અને એ પાપને પૂણ્યમાં બદલી શકે છે પરંતુ જનેતા ઉપર કઠોર વર્તન રાખનારો પુત્ર જીવનમાં કેવળ નિરાશા ભેગી કરે છે.

જીવનમાંથી નિરાશાનો સમૂળ નાશ કરવો હોય અને મનુષ્યજીવનની મહેક માણવી હોય તો માતા પિતાની કમને પણ સેવા કરવી જોઈશે. માતા પિતાની સેવા ન કરવાથી મનુષ્ય જીવન હાથમાંથી સમૂળ ઝુંટવાઈ જાય છે.

અનંત ગુણોની મૂર્તિ જનેતા અને પિતાના અંતરના ભાવોને વ્યક્ત કરનારી મારી ભાષા, એ સ્વામિનારાયણ ભગવાનની પ્રેરણા છે અને અમારા ગુરુ, અમારા પરમગુરુનાં અંતરના શબ્દો છે.

સંતાન માટે અતિ સરળ વર્તન રાખનારી અને વિશાળ હૃદયી જનેતાના ભાવોને વાચા આપી માતા-પિતાના સબંધમાં કાંઈક કહ્યું છે, એ માતા પિતાની અને ગુરુજનોની સેવા કરવા લગ્ની થાય એજ અમારી પ્રાર્થના છે. વાચક વર્ગને જનેતાની સેવામાં લગ્ની થાય, એ અમારી પ્રભુ પ્રાર્થના છે.

॥ અસ્તુ ॥